Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

RNI રજી. બાદ વર્ષ : ૧૬ • અંક : ૨૩ • તા.૦૧ જૂનથી ૦૭ જૂન ૨૦૧૩ • વાર્ષિક લવાજમ ₹ ૫૦ • Regn.No. MH/MR/East/53/2012-14

## બાંડીયામાં અતિથિઘરનું ઉદ્‌ઘાટન અને બાંડીયા મહાજનને અતિથિઘર અર્પણની તસવીરી ઝલક



(૧) અતિથિઘરના દાતા ગીતા લહેરચંદ લોડાયા - ચેતના ખુશાલ લોડાયા અને નવીનચંદ્ર લોડાયા
(૨-૩-૪) અતિથિઘરનું ઉદ્‌ઘાટન કરવા જઇ રહેલાં દાતા પરિવાર તથા સગાસંબંધીઓ અને ગામવાસીઓ



(૧) તક્તિનું ઉદ્‌ઘાટન કરતાં શ્રી જયેન્દ્રસિંહ જાડેજા (૨-૩-૪), અતિથિઘરનું ઉદ્‌ઘાટન કરતાં નવીનચંદ્ર લોડાયા અને જયેન્દ્રસિંહ જાડેજા



ચારેય રૂમનું ઉદ્‌ઘાટન કરતાં શ્રી અભયચંદ લોડાયા, વિરેન્દ્ર લોડાયા, નરેશભાઇ, દિનેશભાઇ, રાજાભાઇ, કિરીટ લોડાયા અને મણીકાંત લોડાયા



ચારેય રૂમના અંદરની ઝાંખીમાં દાતા પરિવારના સભ્યો અને સગા-સ્નેહીઓ



અતિથિઘરમાં વાસ્તુ પૂજા (૨-૩-૪) શુદ્ધિકરણ, શાંતિ અને વાસ્તુ યજ્ઞ પ્રસંગની તસવીર (વધુ બીજા પાને)

## બાંડીયામાં અતિથિઘરનું ઉદ્‌ઘાટન અને બાંડીયા મહાજનને અતિથિઘર અર્પણની તસવીરી ઝલક







આભારવિધિનું સંચાલન કરતાં શ્રી કિરીટ લોડાયા, સાથે દાતા પરિવારો અને ગામવાસીઓ

ભૂમિદાતા લક્ષ્મીબેનના દીકરી જયાબાઇનું બહુમાન કરતાં ચેતનાબેન, પુષ્પાબેન અને ગીતાબેન

નવીનભાઇનું બહુમાન કરતા લક્ષ્મીચંદભાઇ અને માણેકજીભાઇ






શ્રી અભયચંદભાઇ અને લહેરચંદભાઇનું બહુમાન કરતાં શ્રી હીરાચંદ નાગડા અને રાજાભાઇ, ગીતાબેન અને ચેતનાબેનનું બહુમાન કરતાં કાંતબેન અને હંસાબેન






હંસાબેન અને રાજાભાઇનું બહુમાન કરતાં દાતા પરિવાર, બહુમાન કરતાં હેમેન્દ્ર લોડાયા, ઉમરશીભાઇનું બહુમાન કરતાં લક્ષ્મીચંદભાઇ, દાતા પરિવાર સાથે સ્નેહીઓ

**HEARTIEST CONGRATULATIONS TO**
**our Son CHI. SIDDHANT RAJENDRA POLADIYA (Jalgaon-Bayath ) Age 20 yrs.**

**for grabbing biggest opportunity and starting his carrier as an Assistant Action Director from the movie "WAR CHOD NA YAAR" written and directed by Faraz Haider • Starring Sharman Joshi, Soha Ali Khan , Javed Jafri and Sanjay Mishra • Siddhant assisted action director Mr • Shamshair khan**





***Blessings***

Late Ratanbai Velji Anandji Poladiya and Family - (Bayath-Mumbai)
Late Dhanbai Dhanji Manekji Momaya and Family - (Varadiya-Masjid Bunder)

**Father** : Shri Rajendra Velji Poladiya (Jalgaon)
**Mother** : Sou. Teena Rajendra Poladiya (Jalgaon)
**Sister** : Ku. Boskey Rajendra Poladiya (Jalgaon)
**Brother** : Chi.Tirth Rajendra Poladiya (Jalgaon)
**Aunt** : Hansaben, Hemlataben, Kasturben, Rekhaben, Shamlaben.
**Sisters** : Dipali, Mittal, Karishma, Vinal, Payal, Khyati, Anjani, Juhi, Jinali, Smita, Pari,Shriya.
**Bhai and Bhabhi** : Shital, Tejas, Sanjay, Chandani, Chetan, Nayana, Ketan, payal, Anant, Late Uttin, Bhavin and Ushma

**Special Blessings from : Shri Chatrapati Narshi Dand - (Varadiya-Malkapur)**

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**

ડૉ. વેલજી પાશ્વીર ગોસર

**''સમીક્ષા''**

સનત્ શાહ અને

ગોવિંદજી જીવરાજ લોડાયા

**''પ્રકાશ સમીક્ષા''**

સનત્ શાહ

**: તંત્રી :**

રાયચંદ આર. નાગડા

**: સહતંત્રી :**

ચંપક જીવાણી-09820808077

**સમિતિ સભ્યો**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા

રાયચંદ રતનશી નાગડા

શરદ કાંતિલાલ શાહ (નાગડા)

કેશરસિંહ આણંદજી ખોના

તિલકચંદ કુંવરજી લોડાયા

કિરીટ ખેતશી મુનવર

કાશમીરા વિરેન્દ્ર લુઠીયા

હિરાચંદ દામજી દંડ

પંકજ પ્રતાપ શાહ

ચંદ્રસેન હીરાચંદ મોમાયા

ચંપક રાયચંદ જીવાણી

શૈલેશ સનત્ શાહ

જયંત વિશનજી છેડા

**અંક નં. 23/2013**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**C/o. Shri. R. R. Nagda,**
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# ટ્રસ્ટ-મહાજન અને જ્ઞાતિપત્રો, સૌ પોતાના કર્તવ્યપાલનથી મપાશે.

છેલ્લા ત્રણેક વર્ષથી અનંતનાથ ટ્રસ્ટ, મુંબઇ મહાજન અને સમસ્ત મહાજન જ્ઞાતિજનો માટે ધ્યાનાકર્ષક વિષય બની ગયા છે.

ત્રણેક વર્ષ પહેલાં મુંબઇ વિસ્તારના જ્ઞાતિજનોએ ચુંટણી દ્વારા અનંતનાથ ટ્રસ્ટમાં ટ્રસ્ટી તરીકે અને મુંબઇ મહાજનની વ્યવસ્થાપક સમિતિમાં જ્ઞાતિના નવા અને યુવા જ્ઞાતિજનોને જ્ઞાતિની સેવા કરવા માટે ચુંટ્યા ત્યારે જ્ઞાતિમાં જાણે નવ પરિવર્તનનો માહોલ કે જુવાળ આવ્યો. નવા નવા સ્થાનિક મહાજનોની સ્થાપના થઇ. સુસુપ્ત મહાજનો કાર્યરત થયા. આ બધા સ્થાનિક મહાજનોને એકસૂત્ર કરવા તથા જ્ઞાતિમાં સંઘ અને એકતા વધારવા માટે સમસ્ત મહાજન જે પહેલાં વિચાર સ્થપાયેલ તેને પુનઃ સક્રિય કરવામાં આવ્યો છે. અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તથા મુંબઇ મહાજનની વ્યવસ્થાપક સમિતિના સભ્યો ચુંટણી દ્વારા નક્કી કરવામાં આવ્યા જ્યારે સમસ્ત મહાજનની સમિતિના સભ્યો સમસ્ત ભારતમાં કાર્યરત સ્થાનિક મહાજનના સભ્યોમાંથી નિમણુંક દ્વારા નક્કી કરવામાં આવ્યા.

જ્ઞાતિના બે મુખ્ય પત્રોમાંથી સાપ્તાહિક 'પ્રકાશ સમીક્ષા' જ્ઞાતિજનોની એક સમિતિ દ્વારા ચલાવવામાં આવે છે જ્યારે માસિક 'પાંજો પ્રતિબિંબ' એક ખાનગી ટ્રસ્ટ દ્વારા ચલાવવામાં આવે છે. આ બન્ને પત્રો સ્વતંત્ર હસ્તીઓ છે અને તેનું કાર્યક્ષેત્ર સમસ્ત જ્ઞાતિને આવરી લે છે, તેમના કાર્યની કોઇ ભૌગોલિક સીમાઓ નથી. આ બન્ને પ્રકાશનો પત્રકારિત્વના સિદ્ધાંતો અનુસાર કામ કરે છે.

મુંબઇ મહાજનની કામગીરી સૈદ્ધાંતિક રીતે માત્ર મુંબઇ વિસ્તારના જ્ઞાતિજનો પૂરતી મર્યાદિત છે જ્યારે અનંતનાથ ટ્રસ્ટની કામગીરી સમસ્ત જ્ઞાતિની ધાર્મિક સંસ્થા જેવી છે. જ્ઞાતિની આ બે મુખ્ય સંસ્થાઓ છે અને તેની કામગીરીની અસર સમસ્ત જ્ઞાતિજનો અને સ્થાનિક ટ્રસ્ટો કે મહાજનોની ઉપર પણ થાય છે. આ સંસ્થાઓની કામગીરી તથા કાર્યશૈલી જ્ઞાતિની અન્ય સંસ્થાઓ માટે માર્ગદર્શક હોય જે બેન્ચમાર્ક હોય છે. સમસ્ત મહાજનનું કાર્ય વિસ્તાર તેના નામ પ્રમાણે સમસ્ત જ્ઞાતિને આવરી લે છે. મહાજન સંસ્થા કે વ્યવસ્થા સમગ્ર જ્ઞાતિની પ્રગતિ, વિકાસ, એકતા અને સંસ્કૃતિના જતન અને સંરક્ષણ તેમજ સંવધર્ન કરવા માટે કરવામાં આવેલ જેમાં ટ્રસ્ટ ખાસ કરીને અનંતનાથ ટ્રસ્ટને જ્ઞાતિની અકસ્માતોની જાળવણી, સંરક્ષણ મરમ્મત અને વિકાસ કરવાની સવિશેષ (Specified) જવાબદારી સોંપવામાં આવેલ છે. મહાજનનનું એક વિશેષ કામ છે કે સમસ્ત જ્ઞાતિની પ્રતિમા, પ્રતિભા અને ગરિમાનું સંરક્ષણ અને સંવર્ધન કરવાની જવાબદારી લેવી.

'ટ્રસ્ટ' એ અંગ્રેજી શબ્દ છે જેનો અર્થ થાય છે વિશ્વાસ અને તેથી જે વ્યક્તિ ટ્રસ્ટી તરીકે ચુંટાય તે વ્યક્તિ વિશ્વાસુ હોવી જરૂરી છે. મહાજન એ બે શબ્દો મહાન

## જન્મ-સગપણ-લગ્ન ઈત્યાદિ નોંધ

મુંબઈ મહાજનશ્રીની હદમાં વસતા જ્ઞાતિજનોનું ધ્યાન દોરવાનું કે, છેલ્લા અનેક દાયકાઓથી મુંબઈ મહાજનશ્રી તરફથી, તેમના દફતરે નોંધાતા જન્મ, સગપણ, લગ્ન, મરણ ઈત્યાદિની યાદી 'પ્રકાશ-સમીક્ષા'ને મોકલવામાં આવતી હતી તે છેલ્લા ત્રણેક મહિનાથી મુંબઈ મહાજન દ્વારા 'પ્રકાશ-સમીક્ષા' ને મોકલવામાં આવતી નથી, તેમજ અપાતી નથી.

આ અંગે 'પ્રકાશ-સમીક્ષા' એ મુંબઈ મહાજનશ્રીને પત્રો દ્વારા તે માહિતી મોકલવા વિનંતી કરેલ છે. પરંતુ તે અંગે સહકાર મળેલ નથી. તેવી જ રીતે મુંબઇ મહાજનશ્રીની વિવિધ પ્રવૃતિઓ અને આયોજનોના સમાચારો પણ 'પ્રકાશ-સમીક્ષા' ને મોકલાતા નથી જે સૌને વિદિત થાય.

મુંબઈ મહાજનશ્રી આ અંગે ઘટતી કાર્યવાહી કરશે તેવી અપેક્ષા છે. દરમ્યાનમાં સંબંધિત જ્ઞાતિજનોએ આવી માહિતી, મહાજનશ્રીમાં નોંધણી કરાવતી વખતે ભરાયેલ સબંધિત લાગાની રસીદ સાથે પ્ર.સ.ને મોકલવા વિનંતી છે.

અને જનની સંધિથી બનેલ છે. એવું માનવામાં આવે છે કે જે વ્યક્તિ મહાજનની વ્યવસ્થાપક સમિતિમાં સભ્ય હોય કે ટ્રસ્ટમાં ટ્રસ્ટી હોય તે સામાન્યજન કરતાં કંઇક વિશેષ અને વિશિષ્ઠ હોય છે. જ્ઞાતિમાં આવી વ્યક્તિની એક અલગ છાપ અને પ્રતિષ્ઠા હોય છે. તે ઉપરાંત આવી વ્યક્તિઓની નીતિ, વાણી, વર્તન, ચારિત્ર્ય અને પ્રમાણિકતા પણ ઉચ્ચ કક્ષાના હોય તેવી સામાન્ય જ્ઞાતિજનની અપેક્ષા હોય છે.

રાષ્ટ્રીય કે રાજ્યોના રાજકારણની ચુંટણીમાં સત્તા મુખ્ય છે અને સત્તાના માધ્યમ કે સત્તાના ઉપયોગથી સેવા કરવાની વ્યવસ્થા છે, જ્યારે ટ્રસ્ટ અને મહાજન જેવી સંસ્થામાં સેવા મુખ્ય છે છતાં કાર્ય કરવામાં નિયમો, નીતિમત્તાની મર્યાદામાં રહીને કાર્યકર્તાઓને થોડી સ્વતંત્રતા હોય છે પણ સ્વછંદતા નહીં અને સત્તા તો નહીં જ. કહેવાય છે કે રાજકારણી ભલાઇ માટે નહીં પણ મલાઇ માટે જ કાર્ય કરે છે અને લોકોના ભલા માટે નહીં લાભ માટે (ભલાનું ઉલ્ટું) તે પણ વ્યક્તિગત ભલા માટે વધારે કામ કરે છે. રાજકારણમાં આ ચાલે પણ મહાજન કે ટ્રસ્ટમાં ન ચાલે.

અગાઉ જણાવ્યું હતું તેમ જ્ઞાતિના ટ્રસ્ટો કે મહાજનની નિમણુંક ચૂંટણી દ્વારા કરવામાં આવે છે અને જ્ઞાતિજનો તેમને તે ટ્રસ્ટ કે સંસ્થા ચલાવવાની જવાબદારી સોંપે છે નહીં કે શાસન કરવા. પણ મોટા ભાગની જ્ઞાતિ વ્યવસ્થામાં ઘણેભાગે વિરોધપક્ષ કે વિપક્ષ જેવી કોઇ વ્યવસ્થા ન હોવાથી સેવક સંચાલકમાંથી શાસક બની જાય છે, જે તેમની કાર્યશૈલી અને કાર્યોમાં સ્પષ્ટ જણાઇ આવે છે.

જ્ઞાતિના પત્રોની ભૂમિકા નિશ્ચિત નથી હોતી તેમણે સમયોચિત અલગ અલગ ભૂમિકા કરવી પડે છે ક્યારેક માર્ગદર્શક ક્યારેક પ્રશંસક, ક્યારે ટિકાકાર તો ક્યારેક વિરોધપક્ષ કે વિપક્ષની ભૂમિકા પણ ભજવવી પડે છે. જ્ઞાતિના પત્રો આપણી જ્ઞાતિ સંસ્થાઓના કાર્યની પ્રગતિની અને સંચાલકોની કાર્યશૈલીનું સતત 'મોનીટરીંગ' કરે છે અને જ્યાં પણ કાર્ય કે કાર્યશૈલી અનિચ્છનીય, અનૈતિક કે જ્ઞાતિની ગરિમાને અનુપયુક્ત લાગે ત્યાં સંબંધિત સંસ્થાના સંચાલકોનું ધ્યાન દોરે છે અને જ્ઞાતિજનોને પણ વસ્તુસ્થિતીથી માહિતગાર કરે છે. તે ઉપરાંત તેમાં આવતા લેખો દ્વારા જ્ઞાતિજનોની અપેક્ષા, આકાંક્ષા અને વિચારો પણ સંસ્થાઓના સંચાલકો સમક્ષ અને સમસ્ત જ્ઞાતિ સમક્ષ લાવે છે. આપણને ખુશી થવી જોઇએ કે આપણા જ્ઞાતિ પત્રોએ જરૂર પડી ત્યારે માત્ર અને માત્ર ગુણવત્તાના આધાર પર રચનાત્મક ટીકા કરી છે અને રીતે એક જાગૃત અને જવાબદાર વિપક્ષ કે વિરોધપક્ષની જવાબદારી પણ નિભાવી છે.

ઇંદિરાગાંધી જ્યારે સત્તાધિશ બન્યા ત્યારે તેમણે દેશમાં કટોકટી લાદી અને સમાચાર પત્રોના સમાચાર છાપવા ઉપર 'સેન્સરશીપ' લાગુ કરીને સમાચારપત્રોની સ્વતંત્રતા પર કાપ મૂકવાનો પ્રયત્ન કર્યો હતો. 'ઇન્ડીયન એક્સપ્રેસ' જેવા નીડર સમાચારપત્રને સરકારી જાહેરખબર ન આપવી તેવા નિમ્નસ્તર પર પણ ઉતરી આવેલ. શાસક જ્યારે સત્તાધિશ બને છે ત્યારે તે પોતાની પ્રશંસા કે ગુણગાન સિવાય બીજું કડવું સાંભળવા તૈયાર નથી કરી શકતા. માણસની વર્તણુંક જ તેના વિચાર અને ચારિત્ર્યને ખુલ્લું કરે છે. સુંદર શબ્દો કેટલીકવાર આંડબર પણ હોઇ શકે છે.

છેલ્લા ત્રણ વર્ષની મુંબઇના અનંતનાથજી ટ્રસ્ટ મહાજન અને સમસ્ત મહાજનની કાર્યશૈલી તથા કામગીરીને ધ્યાનમાં લઇને કેટલાક જાગૃત અને જ્ઞાતિ હિતેચ્છુ જ્ઞાતિજનોએ પોતાના વિચારો જ્ઞાતિના પત્રોમાં, રજૂ કર્યા જેમાં મુખ્યત્વે હતાશા, નિરાશા અને ત્રણેક વર્ષ પૂર્વે દેખાતી 'ક્રાંતિ' હકીકતમાં 'ભ્રાંતિ' નીકળી તેવા સુર પ્રગટ થતા હતા. આપણા પત્રોએ પત્રકારિત્વનો ધર્મ બજાવતાં તે પણ પ્રગટ કર્યા. તે ઉપરાંત આ પત્રોના તંત્રીલેખો પણ ટ્રસ્ટ સંચાલકોની રૂચિ પ્રમાણે ન હતા. આ પત્રોએ સમયાનુસાર સંચાલકોને માર્ગદર્શન, સૂચનો, ટીકા, ટેકો, પ્રશંસા અને આલોચના પણ કરી, જે તેમના કાર્યો કે કાર્યશૈલીના અનુસંધાનમાં Feed-back હતી. જે કદાચ સંચાલકોને પચે તેવું ન હતું. તેથી સમસ્ત મહાજનની કોઇ એક સભામાં આપણા જ્ઞાતિના પત્રોને ૪૫ દિવસમાં તેમની કાર્યશૈલી બદલવાની ચિમકી આપવામાં આવી અને વિશેષમાં એમ પણ જણાવાયું કે જો આમ નહીં કરવામાં આવે તો સમસ્ત મહાજન પોતાનું અલગ મુખપત્ર બહાર પાડશે. આ એક દુ:ખદ નિર્ણય છે.

લોકશાહીમાં સૌને વાણીસ્વાતંત્ર છે અને પોતાના વિચારો રજૂ કરવાનો હક્ક છે. વિપક્ષ કે વિરોધપક્ષ લોકશાહીનું એક અભિન્ન અંગ છે આપણા જ્ઞાતિપત્રો સ્વેચ્છાએ આ કડવી અને નગણ્ય ભૂમિકા ભજવી રહ્યા છે. જ્ઞાતિના પત્રો મૂલ્યો આધારિત રચનાત્મક અને જવાબદાર વિરોધપક્ષનું કામ કરી રહ્યા છે. આ પત્રોજ જ્ઞાતિ સંસ્થાઓ અને સંચાલકોના કાર્ય અને કાર્યશૈલીનું તટસ્થ અને બારિકીથી અવલોકન કરીને તેમનું તારણ તથા તથ્યો સમસ્ત જ્ઞાતિ સમક્ષ લાવે છે અને વાસ્તવિકતા રજૂ કરે છે. આ પત્રો જ્ઞાતિની સામાન્ય જનતાની લાગણી, અપેક્ષા, વિચાર અને મંતવ્યોને સમસ્ત જ્ઞાતિ સમક્ષ લાવવાનું માધ્યમ છે. તેમનું મજબૂત અને સ્વતંત્ર અસ્તિત્વ જરૂરી છે.

***- પ્રવિણચંદ્ર શામજી ધરમશી (સુરત)***

# મરમના મલકમાં : તપ ( ભાગ : ૨ )

સિદ્ધાંત ગ્રંથમાળાના બાવનમા મણકાના પુસ્તકનું નામ 'તપ અને યોગ' છે. આ પુસ્તકના લેખક અને સંપાદક શ્રી નગીનદાસ ગિરધરલાલ શેઠ છે. આ પુસ્તક ઇ.સ.૧૯૬૪ના ઓકટોબર મહિનામાં પ્રકાશિત થયું છે. આ પુસ્તકમાં મુનિશ્રી લખે છે.

''જ્યાં વૃત્તિઓનો સંયમ નથી, જ્યાં દયા, શાંતિ, અભિન્નતા, પરોપકાર, સરલતા, નીતિ, સત્ય, સદાચાર, ધૈર્ય, સહિષ્ણુતા, ઉદાસ, વિનય, વિવેકાદિ ગુણોની ઉત્તરોત્તર વૃદ્ધિ ન થતી હોય ત્યાં માસ, છ માસ કે છ જુગ સુધી આહાર ન કરે તો તે તપ અથવા ઉપવાસ નથી. એનાથી આત્માનો મોક્ષ થતો નથી, સંસાર ક્ષીણ થતો નથી પણ સંસારની વૃદ્ધિ થાય છે. આ ધર્મ નથી અધર્મ છે.

આઠ, દસ કે બાર વર્ષની છોડીઓને (મુનિશ્રીની ભાષા છે) વધારે ઉપવાસ કરાવવાથી તેમના શરીરમાં અનેક રોગો ઉત્પન્ન થઇ શકે છે. ગર્ભાશય સંકુચિત થઇ જવાની શકયતા વધી જાય છે. પરિણામે પ્રસૂતિ સમયે ભયંકર પીડા ઉપજી શકે છે અને કયારેક મરણાધીન પણ થઇ શકાય છે.

તપના નામે નાનાં બાળકોને ઉપવાસાદિ તપસ્યા કરાવી બિચારા ભોળા લોકોને સન્માર્ગથી ભ્રષ્ટ કરી ઉન્માર્ગે ચઢાવી દીધા છે. (જાણે પૂંછડેથી બળદ હાંકવાની જેમ), ત્રણ કક્કાનું જ્ઞાન નથી એવા મૂર્ખા જીવોની બાહ્ય શુષ્ક પ્રવૃત્તિનું નામ ધર્મ હોય તો તે ધર્મની કંઇ જ કિંમત નથી. અમુક ખાવું એનું નામ વ્રત નથી. વૃત્તિઓથી વિરામ પામવું એનું નામ વ્રત છે. અજ્ઞાનીઓ જે પ્રવૃત્તિ કરે છે એ વ્રત નથી પણ એક જાતની માયા છે. એ આત્માને ભૂલાવો ખવરાવે છે.''

આપણે ત્યાં શાસ્ત્રોમાં કહે છે પાંચમા ગુણસ્થાનકે પહોંચેલા મુનિ ભોજન કરતા હોય છતાં ચોથા ગુણસ્થાનકે પહોંચેલા ઉપવાસી મુનિ કરતાં કર્મની નિર્જરા વધુ કરે છે.

બુદ્ધચરિત્ર ગ્રંથમાં આચાર્ય અશ્વઘોષ લખે છે કે-

(૧) શરીરને કષ્ટ આપવાવાળો અજ્ઞાની તેમ જ ઇન્દ્રિયોના વિષયોમાં આસકિત રાખવાવાળો- આ બંને દોષમાં સ્થિત છે. કારણ કે એમણે જે માર્ગ પસંદ કર્યો છે તે અમૃતપદની તરફ જતો નથી. આનો અર્થ એ થયો કે ચિત્તશુદ્ધિના ધ્યેય વિના ઉપવાસાદિ કરી શરીરને કષ્ટ આપવાવાળો અને ભોગી બંને સરખા છે.

(૨) જેમ અંધકાર દૂર કરવા પ્રકાશની જરૂર હોય છે વરસાદની નહીં તેમ અજ્ઞાનરૂપી અંધકાર દૂર કરવા જ્ઞાનરૂપી પ્રકાશની જરૂર છે. શારીરિક કષ્ટરૂપી વરસાદની જરૂર નથી.

દશવૈકાલિક સૂત્રમાં આઠમા અધ્યાયની નિર્યુક્તિની ૩૦૦મી ગાથામાં કહે છે-

''જે તપ કરે છે પણ કષાયનો નિરોધ કરતો નથી તે બાળતપસ્વી છે. ગજસ્નાનની માફક તેનું તપ કર્મની નિર્જરા માટે નહીં પણ અધિક કર્મબંધનનું કારણ બને છે.''

'જ્ઞાનસાગર પુસ્તકમાં ઉપાધ્યાય યશોવિજયજી મહારાજે તપાષ્ટક વિભાગમાં તપ વિશે આઠ શ્લોક લખ્યા છે. એમાં શ્લોક આ પ્રમાણે છે.'

ખરેખર તે જ તપ કરવા યોગ્ય છે કે જેનાથી દુર્ધ્યાન થાય નહીં (ચિત્તની શુદ્ધતા અને એકાગ્રતા ખંડિત થાય નહીં) જેનાથી યોગો (મન, વચન અને કાયા) હીન પામે નહીં એટલે નબળાઇ લાગે નહીં અને ઇન્દ્રિયો ક્ષીણ થાય નહિં.

કર્મને તપાવનાર એટલે કે શુદ્ધ કરનાર જ્ઞાનને (આત્મસાધનાના માર્ગની સમજણ અને એ માર્ગે પુરુષાર્થને) જ તપ કહે છે. તપમાં પણ અભ્યન્તર (આંતરિક) તપ જ ઇષ્ટ છે. બાહ્યતપ તો આંતરિક તપ કરવા માટે અનુકૂળ સ્થિતિ ઊભી કરે છે.

હરીભદ્રસૂરિ મહારાજસાહેબ તપ વિશે લખે છે કે, કાયાને કેવળ બધી રીતે તપાવવાની (ભૂખ્યા રહેવાની) જરૂર નથી એમ બહુ મેવા મિઠાઇ ખવડાવીને કાયાના લાલપાલનનની પણ જરૂર નથી. ચિત્ત અને ઇન્દ્રિયો ઉન્માર્ગે જાય નહીં (ચિત્ત અને ઇન્દ્રિયો આવેગરહિત અને શાંત રહે) એવી રીતનું આચરણ કરવાનું જિનેશ્વર ભગવંતે કહ્યું છે.

**- ક્રમશ :**

**- સુરેશ ગાલાના 'મરમનો મલક' પુસ્તકમાંથી સાભાર**

**- સાર સંક્ષેપ - ચંદ્રસેન મોમાયા**


K. Dixit
રીયલ ડાયમંડ જ્વેલરી
**કૌશિક રાયચંદ શાહ (પટેલ)**
**(સાંધાણ - ઘાટકોપર)**
**98204 57676**
**લગ્ન પ્રસંગ માટે લાઇટ વેઇટ રીંગ, પેંડન્ટ, બાલી, બ્રેસલેટ, બેંગલ્સ તથા નેકલેસનું આકર્ષક કલેક્શન**


# શ્રી કોઠારા ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન ટ્રસ્ટ કોઠારા (કચ્છ)

તા. અબડાસા, કોઠારા - કચ્છ, પીન કોડ - ૩૭૦ ૬૪૫. ફોન : ૦૨૮૩૧-૨૮૦૨૩૫
મુંબઈ કાર્યાલયઃ C/o. કે.એન. અજાણી, ૧૩૭ અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦ ૦૦૩.

## શ્રી કોઠારા તીર્થે ચાતુર્માસ પ્રવેશ અને શ્રી પર્યુષણ મહાપર્વે પધારવા ભાવભર્યું આમંત્રણ

અચલગચ્છાધિપતિ તપસ્વીરત્ન પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. ની આજ્ઞા અને આશીર્વાદથી શાંત સ્વભાવી પ.પૂ. સાધ્વીશ્રી કલ્પલતાશ્રી મ.સા. ના શિષ્યા પ.પૂ. સાધ્વીશ્રી ધર્મકીર્તિશ્રી મ.સા. ના શિષ્યા **પ.પૂ. સાધ્વીશ્રી જયકીર્તિશ્રી મ.સા.** નું ચાતુર્માસ કોઠારા તીર્થને પ્રાપ્ત થયેલ છે. પૂજ્યશ્રીઓનું ચાતુર્માસ પ્રવેશ **અષાઢ સુદ બીજ ને મંગળવાર, તા. ૯-૦૭-૨૦૧૩** ના શુભ દિવસે થશે. તો આ પાવન પ્રસંગે સર્વે કોઠારાવાસીઓ તથા જ્ઞાતિજનોને કોઠારા તીર્થે પધારવા ભાવભર્યું આમંત્રણ. તા. ૦૨-૦૯-૨૦૧૩ ના પર્યુષણ મહા પર્વ શરૂ થાય છે તો ચાતુર્માસ તથા પર્યુષણ મહાપર્વ પધારવા હાર્દિક આમંત્રણ.

### શૈક્ષણિક સહાય-સ્કુલ કોલેજ ફી માટે

**શ્રી કોઠારા ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન ટ્રસ્ટ** દ્વારા નિવેદન કરવામાં આવે છે કે ચાલુ વર્ષે ધો. ૧ થી ૧૦ તથા કોલેજમાં ઉચ્ચ અભ્યાસ કરતા સર્વે કોઠારાના જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને સ્કુલ/કોલેજ ફી માટે અરજીપત્રક ટ્રસ્ટની મુંબઈ ઓફીસે તથા કચ્છ કોઠારા ઓફીસે ઉપલબ્ધ છે. અરજીપત્રક ફોર્મ મેળવી, સંપૂર્ણ વિગત ભરી ટ્રસ્ટની મુંબઈ ઓફીસે મોકલી આપવા વિનંતી.

**શૈક્ષણિક સહાય ફંડમાં જેમણે ફાળો નોંધાવેલ છે તેઓએ વહેલી તકે રકમ મોકલી આપવા નમ્ર વિનંતી.**

**શૈક્ષણિક સહાય ફંડમાં સહભાગી થવા ગામવાસી ભાઈ-બહેનોને નમ્ર અપીલ કરવામાં આવે છે.**

---

।। શ્રી વાસુપુજ્યસ્વામીને નમઃ ।। ।। શ્રી શાંતિનાથાય નમઃ ।।

શ્રી અચલગચ્છાધિપતિ શ્રીમદ્ જિનેન્દ્રસાગરસુરીશ્વરજી

# શ્રી ક.દ.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ (બોર્ડીંગ) ધુલીયા સંચાલિત

**શ્રીજી ઇંગ્લીશ મિડીયમ સ્કુલ, ચાલીસગામ રોડ, ધુલિયા-૪૨૪૦૦૧**

## જનરલસભાનો પરિપત્ર

શ્રી ક.દ.ઓ. જૈન બોર્ડીંગની જનરલ મીટિંગ રવિવાર, ૧૬.૬.૨૦૧૩ના બપોરના ૧ વાગે સંસ્થાના મકાનમાં ધુલીયા સ્થાને રાખવામાં આવેલ છે. નિમ્નલિખિત એજન્ડાના વિષય ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવશે. તો આપશ્રીને મિટીંગમાં સમયસર પધારવા વિનંતી છે.

### એજન્ડા

૧) પાછલી મિટીંગની જનરલ સભાની મીનીટસ્નું વાંચન અને બહાલી.
૨) બોર્ડીંગ તેમજ સ્કૂલ સંબંધીત પ્રવૃત્તિ અહેવાલ વાંચન કરી નોંધ લેવા.
૩) સન ૨૦૧૧-૧૨ના ઑડિટ થયેલ હીસાબો સભા સમક્ષ રાખી મંજુરી મેળવવી.
૪) સન ૨૦૧૨-૧૩ના અનઑડિટ થયેલ હીસાબો સભા સમક્ષ રાખી મંજુરી મેળવવી.
૫) સન ૨૦૧૩-૧૪નો બોર્ડીંગ તેમજ સ્કૂલના અંદાજપત્રકને સભા સમક્ષ રાખી મંજુરી મેળવવી.
૬) સન ૨૦૧૩-૧૪ના વર્ષ માટે ઑડિટર્સની નિમણુંક કરવી.
૭) વર્ષ ૨૦૧૩-૨૦૧૭ના કાર્યકાળ માટે સંસ્થાના પદાધિકારીઓની તથા કારોબારી સમિતિના સભ્યોની જાહેરાત કરવી.
૮) વર્ષ ૨૦૧૫-૨૦૧૬માં સંસ્થાને ૫૦ વર્ષ પુર્ણ થાય છે તો સુવર્ણજયંતીના ઉજવણી બાબત ચર્ચા વિચારણા કરીને ઘટતું કરવું.
૯) સભાપ્રમુખશ્રીની મંજુરીથી આવેલ વિષય રાખી ચર્ચા વિચારણા કરવી

**- કેતન ઠાકરશી ગોસર (માનદ્ મંત્રી)**

સભા સ્થળ : શ્રી ક.દ.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ, શ્રીમાન પરબત ભારમલ બીલ્ડીંગ, ચાલીસગામ રોડ, કૉન્વેંટ સ્કુલ પાસે, ધુલીયા - ૪૨૪૦૦૧

નોંધ : (૧) જમવાની વ્યવસ્થા મિટીંગના સ્થળે રાખવામાં આવેલ છે. (૨) આપ ક્યારે આવવાના છો જેની સંસ્થાને જાણ કરશો જેથી સગવળતા કરવા સુગમતા રહે. (૩) સભામાં જરૂર પધારી માર્ગદર્શન કરશો એજ અભિલાષા.

## પ્રતિભા પ્રકાશ :

### ચિત્રકાર કુ.સાક્ષી મનીષ મોમાયા (સાંયરા-ખંડવા)

જ્ઞાતિમાં અનેક પ્રતિભાશાળી હસ્તીઓ છે.



કુ. સાક્ષી મનીષ મોમાયા, (ઉં.વ.૧૪) હાલ દસમીમાં ભણે છે. સેંટ જોસેફ કોન્વેંટ સ્કુલમાં નવ વરસની ઉમરથી ચિત્ર બનાવે છે એની સર્વપ્રથમ ગુરૂ એની માતા છે. જે પોતે અનેક કલાઓમાં નિપુણ છે. ખંડવાના ચિત્રકાર બૈજનાથ સરાફ પાસેથી ચિત્રકામ શીખી.

વર્ષ ૨૦૧૧માં દિલ્હીમાં શંકર્સ ઇન્ટરનેશનલ ચિલ્ડ્રન્સ પેંટીગ કોમ્પીટિશનમાં હજાર સ્પર્ધકોમાં સાક્ષીનું પેંટીગનું ચયન થયું હતું. ત્યારપછી નોર્વેથી ઇન્ટરનેશનલ ચિલ્ડ્રન્સ આર્ટની પેંટીંગ માટે આમંત્રણ મળ્યું, વિષય હતો ''માનવીયતા''. સાક્ષીએ કન્યા ભ્રુણહત્યા પર પેંટીંગ બનાવી હતી. આ પહેલો મોકો હતો જયારે ''ખંડવાના આ બાળ ચિત્રકાર''ની પેંટીંગ વિદેશમાં પ્રદર્શન માટે પસંદગી થઇ.

કુ. સાક્ષી અનેક કલાઓમાં નિપુણ છે. મહેંદી માટે ગોલ્ડમેડલ, ઔરંગાબાદથી ૨૦૧૨માં હિંદ આર્ટ એજ્યુકેશન અકાદમી તરફથી મળ્યું હતું.

રંગોલી માટે ''એ ગ્રેડ'' ૨૦૧૦માં ઔરંગાબાદથી હિંદ આર્ટ અકાદમી સોસાયટી એન્ડ વેલ્ફેર કમિટી-ભોપાલ તરફથી ''ટેલેન્ટ સર્ચ કોન્ટેસ્ટ''માં ફર્સ્ટ ફેઝમાં ગણિત વિષયમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ.

ચાર્ટ મેકીંગમાં સેંટ જોસેફ સ્કુલ તરફથી સુપર સાયંટીસ્ટ એચીવમેંટ સર્ટિફિકેટ મળ્યું.

સ્કુલમાં નિબંધસ્પર્ધામાં પ્રથમ આવી ત્યારે સર્ટિફિકેટ ઑફ મેરીટ મળ્યું.

સાયન્સ પ્રદર્શનમાં પ્રથમ ઇનામ મળ્યું. ક્રાફ્ટ સ્પર્ધામાં દ્વિતીય ઇનામ ૨૦૧૧માં સ્કુલમાં મળ્યુ છે.

હેન્ડરાઇટિંગ કોમ્પીટીશન (સુલેખન સ્પર્ધા)માં સ્કુલમાં પ્રથમ ઇનામ મળ્યું. સાક્ષી વિભિન્ન પ્રકારના પૉટ (કુંડા) ઉપર સિરેમિક પેંટીંગ કરે છે. પેંટીંગ, ચિત્રકામ, કલે પેંટીંગ, ફ્લોવર મેકીંગ, મહેંદી, રંગોલી, નિબંધ સ્પર્ધા, હેન્ડરાઇટીંગ જેવી અનેક કલાઓનો નિપુણ સાક્ષી ઉત્તરોત્તર સફળતા મેળવી આગળ વધે એજ શુભેચ્છા સાથે અભિનંદન.

માતા મનીષા - (શ્રી તેજપાર નરશી શિઆલ (જખૌ-બારામતીના સુપુત્રી) પિતા મનીષ હિરાચંદ ગોવિંદજી મોમાયા, ભાઇ દેવાંશ અને દાદી દેવકુંવરબેન સાથે ખંડવામાં રહેતી સાક્ષી હાલ દસમીની પરીક્ષા આપેલ છે એ માટે પણ શુભેચ્છા.

***દરેક સ્થાનિક મહાજનને પોતાના વિસ્તારમાં રહેતી આપણી જ્ઞાતિની પ્રતિભાઓનો પરિચય આપવા અનુરોધ છે.***

-સૌ. પુનમ (ખમા) પ્રફુલ મોમાયા (નાગપુર)



મરમજા મોતી : બે પંક્તિમાં અંકિત કવિ ''તેજ'' ની અમૃતવાણી... (૩૨)

- સોમ ધરમશી (કચ્છ)

***માણેઓ ત મિંજ પિઇ, માણે ગિનોં ''તેજ''***
***ભાંકી સાંયર વટ લેંરીએંજા લેખા ન વેં.***

શબ્દાર્થ : સાંયર - સાગર, દરિયો. લેંરીએંજા-લહેરના

ભાવાર્થ : નાનપણમાં શાળામાં એક કવિતા શીખવા મળેલી, જેની પંક્તિઓને સ્મરણ પટ પરથી ઉતારું છું, ''માંહી પડ્યા તે મહાસુખ માણે, કિનારે ઊભો શું જાણે રે'' અતીતનાં ઓવારા ફરીવાર પણ કવિનું નામ માનસપટ પર કલીક થતું નથી પણ અનુમાન કરી શકું કે કદાચ ''યા હોમ કરીને પડો, ફતેહ છે આગે'' લલકારનાર કવિ નર્મદની હોઇ શકે.

વ્યકિતત્વ વિકાસ (Personality Development) નાં વિદ્યાર્થીઓ માટે આત્મસાત કરવા જેવી ઉપરોક્ત પંક્તિઓ છે.

કોઇ પણ પરિસ્થિતિ જાણવી હોય કે માણવી હોય કે તેમાં ઉત્કૃષ્ટતા પ્રાપ્ત કરવી હોય તો સાથે ઘનિષ્ટ સંબંધ બાંધવો જરૂરી છે. ઉંડા તાગ મેળવવા હોય તો તરતાં શીખવું જરૂરી છે. તરતાં શીખવા માટે પાણીમાં ઝંપલાવવું જરૂરી. કિનારા પર ઉભા રહી, ઘસમસતા મોજાની ગણતરીઓ કરવાથી તરતાં શીખાતું નથી. કવિ પોતાની અદભુત કલ્પનાશક્તિથી સરસ મજાનું રૂપક સર્જી આપણને મળેલ અલ્પ પણ મહામુલ્યવાન જિંદગી જીવી જવાની, માણવાની સરસ કુંચી ભેટ આપે છે.

કોઇપણ વસ્તુ પ્રાપ્ત કરવા એકચિત્ત (Concentration) આત્મવિશ્વાસ (Confidence) અને ઓતપ્રોત થવું (Commitment) જરૂરી છે. જે વ્યક્તિ અ 3 CD ફોર્મ્યુલા અપનાવી શકે તે જિંદગી સાગરમાં પોતાની નાવડી સફળતાથી હંકારી શકે. બાકી દરિયાકિનારે ઉભા રહી, મોજા ગણતા રહીયે કે પ્રશ્નોનાં જંગલમાં અટવાતા રહીએ કે ''આમ કરીશ તો શું થશે'' અને તેમ કરીશ તો ? ? ?..... તો લક્ષ્ય પ્રાપ્ત થવું મુશ્કેલ છે.

કવિ તેજ પોતાના અનુભવો અને નિરિક્ષણ શક્તિથી થોડામાં ઘણું કહી, જિંદગી જીવવા સોનેરી સુત્રો આપણને આપે છે જેને જીવનને સમાવી આપણે સફળતાનાં સોપાન સર કરીશું. હવે માણીએ પુ. ઉપાધ્યાય શ્રી ભુવનચંદ્રજી મ.સા. ને young Friends માટે અંગ્રેજીમાં અનુવાદ : "Plung into the sea and enjoy it youda To sit on bank and count-ripples is not.

(* Feedback-0982537246)

# મેળાવો પરિવાર ડોંબિવલી

મેળાવો

આયોજીત દ્વિતીય વર્ષ પ્રવેશે ચતુર્થ કાર્યક્રમ

## શ્રી નવકાર મહામંત્ર જાપ અનુષ્ઠાન

|| સર્વ જ્ઞાતિજનોને ભાવભર્યું આમંત્રણ ||

આધિ-વ્યાધિ-ઉપાધિનો અંત લાવતો... 'નવકાર મહામંત્ર' સુખ-શાંતિ-સમૃદ્ધિ ઉપજાવતો...'નવકાર મહામંત્ર'
મંદી-માંદગી-મોંઘવારીમાં રક્ષા કરતો... 'નવકાર મહામંત્ર' આત્મા-પરમાત્માને સાક્ષાત કરાવતો...'નવકાર મહામંત્ર'
તો ચાલો...! **રવિવાર, તા. ૧૬ જુન ૨૦૧૩ના** શુભદિને મહા મંગલકારી 'નવકાર મહામંત્ર'ના
જાપ અનુષ્ઠાનમાં આવી પ્રભુ ભક્તિમય નવકાર મહામંત્રની સાધના કરીને જીવન ધન્ય બનાવીએ.

| | |
|---|---|
| શુભદિવસ | રવિવાર, તા. ૧૬.૦૬.૨૦૧૩ સવારના ૭.૦૦ કલાકે |
| શુભસ્થળ | શ્રી સુવિધિનાથ જીનાલય, અચલગચ્છ ભવન, માનપાડા રોડ, ડોંબિવલી (પૂર્વ) : ૪૨૧ ૨૦૧. |
| પાવન પધરામણી | શ્રી જયંતભાઇ 'રાહી'ના ધર્મપુત્ર યુવાવિધિકાર શ્રી હર્ષ દેઢિઆ (તલવાણા) ના સંગીતમય સથવારે, વિવિધ મુદ્રામાં શ્રી નવકાર જાપ કરાવશે. |
| નવકાર જાપ અનુષ્ઠાન ના લાભાર્થી પરિવાર | શ્રેષ્ઠીવર્ય શ્રી ચંદ્રકાન્ત હંસરાજ મુલજી લોડાયા પરિવાર<br>હસ્તે : શ્રી ધીરેનભાઇ, જીજ્ઞેશભાઈ, રાહુલભાઇ ગામ: વારાપધ્ધર |
| નવકાર જાપ અનુષ્ઠાન ના નવકારશી ના લાભાર્થી પરિવાર | શ્રેષ્ઠીવર્ય માતુશ્રી તારાબાઇ માણેકજી મોતા પરિવાર ગામ : રાપર ગઢવારી |

નોંધ : - નવકાર મહામંત્રનો જાપ પૂર્ણ થયા બાદ નવકારશીની વ્યવસ્થા રાખેલ છે.

નવકાર મહામંત્રના જાપ માટે ફરજીયાત સફેદ વસ્ત્ર પહેરી અવશ્ય પધારશોજી.

સંપર્ક : હીરેન પ્રકાશ કુરવા - 7666849296 ● ધવલ ઉમેશ ખોના - 9820426528 ● પ્રતિક ઝવેરચંદ લોડાયા - 9819777274

|| શ્રી ચંદ્રપ્રભસ્વામીને નમઃ ||

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-નલિયા

**(નલિયા તથા તેના વાડા : છાદુરા, વડસર અને સુખપર)**

## નલિયા તિર્થે ચાતુર્માસ પ્રવેશ

દેવ-ગુરૂની અસીમ કૃપાએ તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ
પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સાહેબના આજ્ઞાવર્તીની

**પ.પૂ.સા.શ્રી કુમુદકીરણાશ્રીજી મ.સા.ના શિષ્યા...**
**પ.પૂ.સા.શ્રી દિવ્યકીરણાશ્રીજી મ.સા. તથા**
**પ.પુ.સા.શ્રી હર્ષકીરણાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૨ નો**

ચાતુર્માસ નલીયાતીર્થને પ્રાપ્ત થયેલ છે. પૂજ્યશ્રી શુક્રવાર **૧૯.૭.૨૦૧૩** નલિયા મધ્યે ચાતુર્માસ નિમિતે પ્રવેશ કરશે. આ પ્રસંગે સૌ નલિયાવાસીઓને પધારવા ભાવભર્યું આમંત્રણ છે. આ વર્ષે પર્યુષણ પર્વની આરાધના કરવા સૌ નલિયાવાસીઓને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

આપના આગમનની જાણ અગાઉથી કરાવીને વ્યવસ્થા જાળવવા સહકાર આપશોજી.

*** નિમંત્રક ***

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - નલિયા**

સહયોગ

શ્રી નરશી નાથા ચેરીટેબલ ટ્રસ્ટ • શ્રી ચંદ્રપ્રભુ અતિથીગૃહ - નલિયા

## સગપણ સેતુ

સગપણ સમસ્યા હળવી કરવા આપના સંતાનની માહિતી નીચે દર્શાવેલ ફોર્મ મુજબ મોકલો. એ પરિચય ઉપરથી પસંદગીનો ક્રમાંક લખી જણાવી અમને આપના સંતાનનો બાયોડેટા મોકલો. એ વિગત આપના પસંદગીના ઉમેદવારના પરિવારને જણાવીશું. પત્રવ્યવહાર માટે જરૂરી પોસ્ટેજ કવર સાથે મોકલવા વિનંતી છે. સીધે સીધી માહિતી કોઈને અપાતી નથી. આપ ઈચ્છો તો આપના સંતાનની માહિતી નીચે દર્શાવેલ ફોર્મ મુજબ જ ૨૦ કોલમ ભરી મોકલો અને સગપણ સેતુમાં ભાગ લો. કુંડલી-ફોટા અમને મોકલવા નહીં.

| ક્ર. | માહિતી પત્રક | ૫૧૬ | ૫૧૭ | ૫૧૮ | ૫૧૯ | ૫૨૦ | ૫૨૧ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સ્ત્રી કે પુરૂષ | પુરૂષ | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ |
| ૨ | નુખ/અટક/ઓળખ | નાગડા | મોતા | લોડાયા | મોતા | દંડ | ખોના |
| ૩ | જન્મ તારીખ | ૨૩.૧.૭૮ | ૨૮.૯.૮૨ | ૫.૧૦.૮૪ | ૨૯.૬.૮૧ | ૪.૫.૮૪ | ૨૦.૭.૮૭ |
| ૪ | વય (વર્ષ) | ૩૫ | ૩૦ | ૨૮ | ૩૧ | ૨૯ | ૨૬ |
| ૫ | ઉંચાઈ (સે.મી.) | ૫'-૧૦'' | ૫'-૭'' | ૫'-૩'' | ૫'-૪'' | ૫'-૨'' | ૫'-૮'' |
| ૬ | વજન (કી.ગ્રા.) | ૭૫ | ૬૨ | ૫૫ | ૫૧ | ૭૫ | ૫૫ |
| ૭ | વર્ણ | ઘઉંવર્ણ | ગોરો | ગોરો | ઘઉંવર્ણ | ઘઉંવર્ણ | ઘઉંવર્ણ |
| ૮ | શિક્ષણ/અભ્યાસ | B.Com. | B.Com. | B.Com. | B.Com. | BMM | MBA |
| ૯ | નોકરી/ધંધો | ધંધો | વ્યવસાય | નોકરી | નોકરી | નોકરી | નોકરી |
| ૧૦ | હાલ વસવાટનું ગામ | પુના | જલગામ | મુંબઇ | ડૉંબિવલી | મુંબઇ | મુંબઇ |
| ૧૧ | પાત્રના શોખ | | | | | | |
| ૧૨ | ખોડખાંપણ | નથી | નથી | નથી | નથી | નથી | નથી |
| ૧૩ | માસિક આવક (રૂા.) | ૩૦,૦૦૦ | ૨૪,૦૦૦ | – | ૩૦,૦૦૦ | – | ૩૫,૦૦૦ |
| ૧૪ | અવર/વિ/છુટાછેડા | છુટાછેડા | અવર | અવર | છુટાછેડા | છુટાછેડા | અવર |
| ૧૫ | કુંડલીમાં માનો છો ? | ના | હા | હા | હા | હા | હા |
| ૧૬ | મંગળ/શનિ છે ? | નથી | નથી | નથી | નથી | નથી | નથી |
| ૧૭ | ફોટો મળશે ? | હા | હા | હા | હા | હા | હા |
| ૧૮ | સામેના પાત્રનું અપેક્ષિત શિક્ષણ | હા | હા | હા | હા | હા | હા |
| ૧૯ | તમારી પાત્ર અંગે વિશેષ પસંદગી/અપેક્ષા | મિલનસાર સંસ્કારી | મિલનસાર સંસ્કારી | મિલનસાર સંસ્કારી | મિલનસાર સુશિલ | મુંબઇ ફક્ત | ભણેલી સંસ્કારી સ્લીમ |
| ૨૦ | ઉમેદવારની ખાસ વિશેષ માહિતી | મિલનસાર | સંસ્કારી પરિવારપ્રેમી | મિલનસાર પરિવારપ્રેમી | નિર્દોષ છુટાછેડા (૪ મહિના) | સુશિક્ષિત મિલનસાર | મિલનસાર |
| ૨૧ | સીધો સંપર્ક ઇચ્છતા હો તો ફોન નં.(સ્વૈચ્છિક) | | | | | | |

**આ વિભાગમાં ભાગ લેવા કાર્યાલય માટે નીચેની વિગત ભરી મોકલવી જરૂરી છે. (નીચેની માહિતી અપ્રકટ રહેશે.)**

મોકલનાર વાલીનું નામ : ____________ ઉમેદવારનું નામ : ____________

સરનામું : ________________________

________________________ ફોન : ____________

૭મા અધિકૃત વ.પ. ના કુટુંબ ક્રમાંક : ____________ સહી : ____________

।।શ્રી ગોડિયા પાર્શ્વનાથાય નમઃ।।

# રાપરગઢવારી - નાની સિંધોડી ક. દ. ઓ. જૈન સંઘ

આયોજીત

પર્વાધિરાજ પર્યુષણ પર્વ ની આરાધના અર્થે સર્વે ગામવાસીઓ તથા નિયાણી બહેનો ને પધારવા ભાવભર્યું આમંત્રણ છે

પર્વાધિરાજ પર્યુષણ પર્વ પ્રારંભ : શ્રાવણ વદ ૧૩ ને સોમવાર તારીખઃ ૦૨.૦૯.૨૦૧૩ થી

ભાદરવા સુદ ૬ મંગળવાર તારીખ : ૧૦.૦૯.૨૦૧૩

શ્રી ગોડિયા પાર્શ્વનાથજી ની શિતલ છાયામાં પર્યુષણ પર્વ ની આરાધના કરવા નીચે મુજબ કાર્યક્રમ ની રૂપરેખા.

મુંબઈ થી વિ. સ. ૨૦૬૯ ને શ્રાવણ વદ ૧૧ ને શનિવાર તા. ૩૧.૦૮.૨૦૧૩ ના ટ્રેન દ્વારા પ્રસ્થાન.
ભુજ થી વિ. સ. ૨૦૬૯ ને ભાદરવા સુદ ૬ ને મંગળવાર તારીખ. ૧૦.૦૯.૨૦૧૩ ના ટ્રેન દ્વારા પરત.

વ્યક્તિદીઠ નકરો રૂ. ૧૧૦૦/- રાખેલ છે.
ઈચ્છુક ભાગ્યશાળીઓ પોતાના નામો તારીખ. ૧૫.૦૬.૨૦૧૩ સુધી લખાવી શકે છે.

પર્યુષણ પર્વની આરાધના કરાવવા દાતા આવકાર્ય છે. સમુહ ફાળો રૂપિયા : ૫૦૦૦/- પ્રતિ દાતા રાખેલ છે.

ચંદુભાઈ મૈશેરી : ૦૯૮૩૩૧૫૧૨૫૮ **સંપર્ક** સોમચંદ નાગડા : ૦૯૮૩૩૮૧૬૧૩૧

નિમંત્રક

રાપરગઢવારી - નાની સિંધોડી ક. દ. ઓ. જૈન સંઘ

---

।। શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ ।।

# શ્રી ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજન – સુથરી

## પર્યુષણ પર્વ ઉજવણી માટે આમંત્રણ

૧૭૪ વર્ષ પ્રાચીન શ્રી સુથરી મહાતીર્થમાં પર્યુષણ પર્વની ઉજવણી કરવા સર્વે ગામવાસીઓ, નિયાણી બહેનો તેમજ આરાધના ઇચ્છુક સાધર્મિકોને સહપરિવાર પધારવા **હાર્દિક આમંત્રણ.**

પુ.સા.શ્રી મહાયશાશ્રીજી મ.સા.ના ચાતુર્માસ પ્રવેશથી કરીને પર્યુષણ પર્વ પુરા થયા સુધી અથવા સંપૂર્ણ ચાતુર્માસ કરનાર સાધર્મિકોને રહેવાની તથા ઉપવાસ, આયંબિલ, એકાસણા, બેયાસણા આદિ તપસ્યા કરાવવાની વ્યવસ્થા શ્રી સુથરી સંઘ તરફથી કરવામાં આવશે. તદ્‌ઉપરાંત આરાધક ભાઇ-બહેનોની ટ્રેનની ટીકીટનો ખર્ચ પણ સુથરી સંઘ ભોગવશે. પરંતુ પોતાની આવવા-જવાની વ્યવસ્થા પોતાની રીતે જ કરવાની રહેશે. શ્રી સુથરી તીર્થમાં પ્રવેશતાં જ આરાધકને આ રકમ ટીકીટની ઝેરોક્ષ કોપી સામે ટીકીટ ખર્ચ પરત કરવામાં આવશે. સુથરીવાસી ભાઇ-બહેનો, નિયાણી બહેનો તેમ જ આરાધના ઇચ્છુક સાધર્મિકોને આ તકનો પૂરો લાભ લઇ અને ચાતુર્માસ પ્રસંગે સુથરી તીર્થે પધારવા શ્રી સુથરી સંઘ વિનંતી કરે છે. આપના નામ નીચે જણાવેલ વ્યક્તિઓ પાસે નોંધાવવા તથા આપની સુથરી તીર્થે પહોંચવાની તારીખ જણાવવા નમ્ર વિનંતી છે.

**-: સંપર્ક :-**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ડોંબિવલી | નીતીન સાયલા | 9821032242 | ઘાટકોપર | ચેતન મોમાયા | 9821070710 / 9870170710 |
| મુલુન્ડ | કીર્તી પી. લોડાયા | 9833152695 | મસ્જીદબંદર | કીરીટ છેડા | 9821049372 |

વેસ્ટર્ન લાઇન – અશોક મોતા - 9820066408

## સાભાર સ્વીકાર - 'ચાલો દાદાના દરબારે'

ભલારા દાદાની પચીસમી પહેડીના લાભાર્થી પરિવારો માતુશ્રી લીલાવંતીબેન લક્ષ્મીચંદ લોડાયા (મંજલીઆ) સુથરી તથા માતુશ્રી કુંવરબાઇ વિશનજી મોતા પરિવાર (સુથરી) શ્રી મહેશભાઇ તથા શ્રી દિનેશભાઇએ દાદા ભલારાની સાધના, ઉપાસના અને ભક્તિના પ્રચાર પ્રસારને અનુલક્ષી ચાલો દાદાના દરબારે પુસ્તક પ્રગટ કર્યું છે. દાદાનો ઇતિહાસ શ્રી રમેશ મુલજી લોડાયાએ વહીવંચા અને ભાટ ચારણોના માધ્યમે ઉપયોગી માહિતી એકત્ર છે. શ્રી લહેરચંદ વેલજી મૈશેરીએ સંકલન કર્યું છે. આ પુસ્તકની છપાઇ, ટકાઉ કાગળ, આકર્ષક મુખપૃષ્ટ, ભલારા દાદાના ૨૯ સ્થાનોની વિગત, રંગીન ફોટા, વિવિધ આરતીઓ ગીતો, સચ્ચાઇમાં ઓસીયાજીનો ઇતિહાસ, પ્રચાર પસારના કાર્યકરો, ભુવાના સંપર્ક નંબર, ઘણી બાબતો ઇતિહાસ તેમજ ભલારાદાદનો પાઠ માંડવાની રીત વગેરે બાબતોને આવરી લેવાઇ છે. ભલારાના ભક્તો માટે આ પુસ્તક વાંચીને વસાવવાલાયક બન્યું છે. ધન્યવાદ આ પુસ્તકનું વિતરણ ભાવિકોને નિ:શુલ્ક છે.

પ્રાપ્તિ સ્થાન : મહેશ લક્ષ્મીચંદ લોડાયા હીરલ ટેક્ટ્રોનીક્સ પ્રા લિ. , સી-૧૦૦૪, સ્ટેશન પ્લાઝા, ભાંડુપ(વે), મુબંઇ-૭૮. ફોન : ૨૫૬૬૭૪૮૪/૦૯૮૬૯૬૧૨૩૬૯


### વાછરાદાદાના ભુવાની ગંધી

**સાંધવના વાછરાદાદાની ભુવાશ્રીની ગંધી (ઘોત) બદલવાનો કાર્યક્રમ ૧૩.૧૧.૧૩ના સવારે ૧૦ વાગે સાંધવમાં યોજેલ છે. વાછરાદાદાને નમતા સર્વે ભાવિકોને ભાવભર્યું આમંત્રણ છે. સાંજે દાદાની સમુહ પહેડી-પ્રસાદ અને ભક્તિ ભાવના રહેશે.**

*** નિમંત્રક ***

**વિપુલ પટેલ (મુલુન્ડ) * કિરણ દંડ (ડોબિંવલી)**

### અનેક રોગોનું એકજ નિદાન

**સૂર્ય કિરણ ઉપાસના કેન્દ્ર-મુંબઇ**

**સંપર્ક : 098214 87724**

### લગ્ન સંબંધી

મુંબઇ સ્થિત ઉ.વ.૩૧, ઉંચાઇ ૫'-૪'' B.com, MNC Job ધરાવતા સ્લીમયુવક માટે મુંબઇ કે બહારગામની કન્યાના વડીલ કુંડળી, ફોટા સાથે સંપર્ક કરે (નિર્દોષ છૂટાછેડા) 09324437370


## ઝૂકી તો જવાયને ?

હું મધ્યમ વર્ગની ઘરેલું મહિલા છું નાત સંસ્કારે, ભરત, ગુંથણ, રસોઇ જેવી કલા મને વારસામાં મળ્યા છે. પરિવારને મદદરૂપ થવા વેસ્ટમાંથી બેસ્ટની કળાએ જૂના પર્સ, હેન્ડબેગ, થેલા, ટ્રાવેલીંગ બેગ, કપડામાંથી મનને પ્રસન્ન કરી દે તેવી કલાને મેં સહજ કરી, જૂની ચીજોનો ઉપયોગ કરી, નવસર્જન કરું છું. તેમજ મારી પુત્રી રૂપલને પણ એમાં પાવરધી કરી છે. જૂની સાડી, ડ્રેસ, પેન્ટ-શર્ટ, ઓઢણીને પણ આકર્ષક કરી વેંચાણ કરું છું.

